**ફોજદારી કેસ નં. ૧૪૩૯૯/૨૦૧૯ ના કામમાં આંક–૧ લગત હુકમ :–**

આજરોજ લોક અદાલતમાં સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ તરીકે મળેલ સતા અન્વયે ફાઈલ હાથ પર લીધી. ફરીયાદ પક્ષને અનેક તક મળવા છતાં લાંબા સમયથી આરોપીનું નવું સરનામું રજુ કરેલ નથી. રેકર્ડ જોતાં સદરહુ ફરિયાદ ફરીયાદી એચ.ડી.એફ.સી.બેંક લી. એ આરોપી અજય સુરેશભાઈ ગોહેલ વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટનીકલમ– ૧ ૩૮ હેઠળ દાખલ કરેલ છે અને રોજકામ જોતાં હાલનુ કામ ઘણા લાંબા સમયથી આરોપીના સરનામાના સ્ટેજે ચાલતુ હોવા છતાં અને મુદત તારીખ ૨૨/૯/૨૨/ આંક–૭ ના **સમન્સ / વોરંટ** પરના શેરા પ્રમાણે આરોપી વિરૂધ્ધ સદર સરનામે બજવણી નહીં થયેલ હોવાનું રેકર્ડ પર આવવા છતાં ફરીયાદીએ હાજર રહી પોતાનો કેસ આગળ ચલાવવા કે નવું સરનામું રજુ કરવા કોઈ દરકાર લીધેલ નથી. વળી નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ડાયરેકશન ધ્યાને લેતાં જુના કેસોનો વહેલી તકે ન્યાયીક નિકાલ કરવા સુચનો આપેલા છે, તે પ્રમાણે પણ ફરીયાદીએ હાલના કેસમાં ઘણા લાંબા સમયથી આરોપીને હાજર કરાવવા એટલે કે આરોપીનું નવું સરનામું રજુ કરવા કોઈ પ્રયત્ન કરેલા કરેલા નથી. વળી, રેકર્ડ વંચાણે લેતાં હાલનો કેસ આશરે ૪ વર્ષ જેટલો જુનો છે અને હાલનાં કામે ફરીયાદીને અવારનવાર તક મળવા છતાં કેસ આગળ ચલાવવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદી તરફે વકીલશ્રીએ પણ છેલ્લા લાંબા સમયથી કેસ કાર્યવાહીમાં હાજર રહી નવું સરનામું રજુ કરવાની પણ દરકાર લીધેલ નથી. વધુમાં ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નીષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે. તેમજ નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી, અમદાવાદ તરફથી તા.૦૯/૦૯/૨૦૨૩ ની લોક અદાલત અન્વયે બહાર પાડવામાં આવેલ એસ.ઓ.પી.(સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર) પ્ર માણે પણ હાલનો કેસ ચાલવાપાત્ર રેતો નથી. આ સંજોગોમાં ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

256. Non-appearance or death of complainant. –

(1) If the summons has been issued on complaint and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the complainant does not appear, the Magistrate shall notwithstanding anything herein before contained, acquit the accused unless for some reason he thinks it proper to adjourn the hearing of the case to some other day:

Provided that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the Magistrate is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may dispense with his attendance and proceed with the case.

(2) The provisions of sub-section (1) shall, so far as may be, apply also to cases where the non-appearance of the complainant is due to his death.

**આમ, કેસનું રેકર્ડ તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ વંચાણે લઈ, ફરીયાદીને વ્યાજબી અને પર્યાપ્ત તક આપવા છતાં પોતાનાં કેસમાં આરોપીનુ સરનામું રજુ કરવાનાં સ્ટેજે વારંવાર ગેરહાજર રહેલા છે. તે સંજોગોમાં હાલના કામે ન્યાયનાં વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

**– // હુ ક મ //–**

**હાલનાં કામે ફરીયાદી ગેરહાજર રહેતાં હોય, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ પ્રમાણે ફરીયાદીની ગેરહાજરી સબબ તથા આરોપીનું નવું સરનામું રજુ નહીં કરવા સબબ આજરોજ લોક અદાલતમાં સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ તરીકે મળેલ સતા અન્વયે આરોપીને નિર્દોષ ઠરાવી ફરીયાદીનો કેસ ડીસમીસ ફોર ડીફોલ્ટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**આ હુકમ આજરોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**રાજકોટ**
**તારીખ : ૦૯/૦૯/૨૦૨૩**

**(અશ્વિનકુમાર પરબતભાઈ ડેર)**
**સોળમાં એડિ. સીની. સિવિલ જજ**
**અને એડી. ચીફ જયુડિ.મેજી. રાજકોટ.**
(UIC No.GJ00999)